જૂનાગઢમાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી

ગુજરાતની હરીફાઈ હવે કોઈ રાજ્ય સાથે નહીં પરંતુ વિશ્વ સાથે છે : રૂપાણી

રાજ્યની બાવન નગરપાલિકાઓને પીવાના પાણીના પ્રોજેક્ટ માટે ૭૮૦ કરોડ ફાળવાશે

। જૂનાગઢ ।

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહમાં તિરંગાને સલામી આપી હતી. મુખ્યમંત્રીએ ગુજરાતના પ્રજાજનોને ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવી ગુજરાતના વિકાસની ગૌરવગાથા વર્ણવતા કહ્યું કે, ગુજરાતે વિકાસના નવા સીમા ચિન્હો પ્રસ્થાપિત કરી સ્વરાજ થી સુરાજ્યના સંકલ્પ સાથે ઉત્તમથી સર્વોત્તમ બનવા પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે. ગુજરાતની હરીફાઈ હવે કોઈ રાજ્ય સાથે નહીં પરંતુ વિશ્વ સાથે છે તેમ જણાવી મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં નાખેલા વિકાસના મજબૂત પાયા પર હવે વિશ્વકક્ષાના સ્થાપિત થઈ રહેલા પ્રોજેક્ટ્સ અને ગુજરાતની નવી ઉંચાઈ અને સિદ્ધિઓ જણાવી હતી. મુખ્યમંત્રીએ ૭૫મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉજ્જવલા ૨.૦ યોજનાની જાહેરાત કરી છે તે અંતર્ગત ગુજરાતમાં પાંચ લાખ ગેસ કનેક્શન રાહત દરે આપવામાં આવશે. ઉપરાંત રાજ્યની બાવન નગરપાલિકાઓને દૈનિક પાણી પુરવઠા યોજના માટે ૭૮૦ કરોડની ફાળવણી કરાશે. યોજના ઠીઠ રૂ.૧૫ કરોડનો લાભ મોટી નગરપાલિકાઓને મળશે. નગરપાલિકા જનહિતમાં કાર્યો કરવા પ્રેરાય માટે નગરપાલિકાઓને સ્ટાર રેન્કિંગ આપવામાં આવશે. મુખ્યમંત્રીએ પોલીસને વધુ સજ્જ કરવા, ટેક્નોલોજીનો ઉપયોગ કરી ગુના ખોરી ડામવા ગુજરાત પોલીસને ૧૦,૦૦૦ બોડી વોર્ન કેમેરા અને ૧૫ ડ્રોન કેમેરા અર્પણ કર્યા હતા.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સ્વતંત્રતા દિવસથી FM રેડિયોની સુવિધા શરૂ

। કેવડિયાકોલોની ।

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓને હવે વડોદરા અમદાવાદની જેમ કેવડિયામાં પણ એફએમ રેડીયો સાંભળવા મળશે. પ્રવાસીઓ કાર કે મોબાઈલમાં એફએમ ઓન કરી ૯૦ ફ્રિક્વન્સીને સેટ કરશે. એટલે પ્રવાસીઓને ગીતસંગીતની સાથે સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી અંગે માહિતી પણ જાણવા મળશે. કેવડિયામાં ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્રતા દિવસથી રેડિયો યુનિટી ૯૦ એફએમનું સોફ્ટ લોંચિંગ (ટ્રાયલ બેજની શરૂઆત) સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટીના ડાયરેક્ટર રાજીવ ગુપ્તાના હસ્તે કરાયુ છે. રેડિયો જોકી તરીકે સ્થાનિક આદિવાસી યુવક અને યુવતીઓને રાખવામાં આવ્યા છે.

માતા-પિતાએ દીકરીની ઈચ્છા મુજબ રહેવાની ખાતરી આપેલી

પિતાએ બાંહેધરી તોડતા યુવતીને યુવક સાથે રહેવા દેવા HCની મંજૂરી

। અમદાવાદ ।

હાઈકોર્ટે ૧૯ વર્ષની યુવતીને તેની ઈચ્છા મુજબ જ્યાં રહેવું ત્યાં રહેવા માટેની મંજૂરી આપી છે. યુવતીના વકીલની રજૂઆત હતી કે, 'ભૂતકાળમાં પિતાએ હાઈકોર્ટમાં બાહેંધરી આપેલી કે, યુવતી પર કોઈપણ પ્રકારના પ્રતિબંધ મુકશે નહીં, ઘરની બહાર જવા દેશે, તેનો મિત્ર પુખ્તવયનો થાય ત્યાં સુધી તેની સાથે ફોન પર વાત કરવા દેશે. આ પછી, યુવતી માતા-પિતાના ઘરે પરત ફરી હતી. હવે, યુવતીનો આક્ષેપ છે કે, ઘરે પરત લઈ ગયા બાદ, માતા-પિતાએ હાઈકોર્ટના આદેશનુ પાલન કર્યુ નથી અને તેને હેરાન કરી છે. જેથી, તેણી ફરીથી ઘર છોડીને અન્ય સ્થળે રહેવા જતી રહેલી. હવે, તે વિકાસ ગૃહમાં કે માતા-પિતાના ઘરે જવા માગતી નથી. તે પુખ્ય વયની છે, તેની ઈચ્છા મુજબ તેને જ્યાં રહેવું હોય ત્યાં રહેવાની મંજૂરી આપો.' કેસની વિગત જોઈએ તો, યુવતીને એક યુવક સાથે પ્રેમ થયેલો છે. આ યુવક ૨૧ વર્ષનો નથી, તેથી લગ્ન કરી શકે તેમ નથી. આ ઉપરાંત, યુવતીના માતા-પિતાને આ સંબંધ માન્ય નથી. આ પછી, યુવતી અચાનક ગાયબ થતાં, યુવકે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પર્સની અરજી કરેલી. હાઈકોર્ટના આદેશ બાદ, પોલીસે યુવતીએ કોર્ટ સમક્ષ રજૂ કરેલી. આ સમયે, માતા-પિતાની બાહેંધરી અને યુવતીની ઈચ્છા બાદ હાઈકોર્ટે યુવતીને તેના ઘરે પરત મોકલેલી.

ચેસીસ હોવા છતાં બસો સમયસર તૈયાર ના થઈ શકી

ST નિગમના પૂર્વ વર્ક્સ મેનેજરને અનિયમિતતા બદલ સસ્પેન્ડ કરાયા

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

એસટી નિગમના હિંમતનગર ખાતેના વિભાગીય નિયામક કે.એમ. હસનને તેમની અગાઉની યંત્રાલય વ્યવસ્થાપક તરીકેની ફરજ દરમિયાન અનિયમितતા બદલ સસ્પેન્ડ કરાયા છે.

આ અધિકારી નરોડા ખાતેના એસટી વર્કશોપમાં વર્કસ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે ૨૦૦ ચેસિસ ખરીદવા માટે ખરીદ ઓર્ડર તા. ૧૦-૩-૨૦૧૯ના રોજ આપ્યો હોવા છતાં આ અધિકારીએ ઓક્ટોબર-૨૦૧૯ સુધી ચેસિસ ખરીદવા કોઈ કાર્યવાહી કરી ન હતી, ઉપરાંત તા. ૨૯-૭-૨૦૧૭થી તા. ૧૧-૧૦-૨૦૧૯ દરમિયાન ૪,૧૧૫ બસો તૈયાર કરવાની હતી, પણ ૩,૯૧૫ બોડી તૈયાર થઈ હતી, મેનપાવર-મટીરિયલ્સની ઉપલબ્ધિ છતાં માહિને ૨૦૦ બોડી તૈયાર થઈ ન હતી, જેના કારણે કહે છે કે, એસટી નિગમને રૂ. ૮.૮૫ કરોડનું નુકસાન થયું હતું. આ સંદર્ભે પ્રાથમિક તપાસ રિપોર્ટ ધ્યાને લઈને ઉક્ત અધિકારી સામે ફરજ મોકૂફીની કાર્યવાહી કરાઈ છે. એસટી નિગમના વર્તુળો કહે છે કે, આ તપાસનો રેલો ગાંધીનગર પણ પહોંચે તેવી શક્યતા છે. ઉક્ત અધિકારીને સસ્પેન્શન દરમિયાન જૂનાગઢની એસટીની કચેરીમાં હાજરી પુરાવવા પણ ઓર્ડર થયો છે.

તપાસનો રેલો ગાંધીનગર પણ પહોંચવાની વકી

બોપલની ઈસ્કોન ગ્રીન બંગલોઝમાં લૂંટ કરનાર ૩ ઝડપાયા

દાહોદની મોહનિયા ગેંગના સાગરીતો ઓગણજથી પકડાયા, ૧૬ ગુનામાં વોન્ટેડ છે

। અમદાવાદ ।

બોપલમાં ઈસ્કોન ગ્રીન બંગ્લોઝના એક મકાનમાં પંદર દિવસ પૂર્વે ૫૦ તોલા સોનાના દાગીના સહિત રોકડ રકમની લૂંટ કરનાર આરોપીઓને કાઈમ બ્રાન્ચની ટીમે સોમવારે બપોરે ઓગણજ પાસેથી ઝડપી પાડ્યા છે. આ લૂંટમાં દાહોદની મોહનીયા ગેંગના ત્રણ સાગરીતોની ધરપકડ કરવામાં આવી છે. ત્રણ આરોપી ઉપરાંત એક આરોપી ૧૬ જેટલા ગુનાઓમાં વોન્ટેડ હોવાનું પણ બહાર આવ્યુ છે. આ લૂંટ બાદ પણ ત્રણેય સાગરીતોએ ચોરી કરવાનો અનેક જગ્યાએ પ્રયાસ કર્યો હતો. પોલીસે આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે કરીને વધુ તપાસ હાથધરી છે. બોપલમાં ઈસ્કોન ગ્રીન બંગ્લોઝમાં ગત ૩૧ જુલાઈની મોડી રાત્રે કેટલાક શખ્સોએ ઘરમાં ઘૂસીને, "હમ ગુંડે હૈ અગર વિલ્યુઓંગે તો માર દેંગે" કહી ઘરના સભ્યોને ધમકાવ્યા હતા. લૂંટારૂ ટોળકીએ ઘરમાંથી ૫૦ તોલા સોનાના દાગીના , એક કિલો ચાંદી, ૧.૪૦ લાખ રોકડા, ત્રણ મોબાઈલ ફોન અને આઈપેડ તેમજ દંપતીએ પહેરેલા દાગીનાની લૂંટ કરી હતી. ઘર અને કારની ચાવી પણ જોડે લઈને જતા રહ્યા હતા. ચોરી થયાના ૧૫ દિવસ બાદ પણ અમદાવાદ ગ્રામ્ય પોલીસ આરોપીઓને પકડી ન શકતા લોકોને પોલીસ પરનો વિશ્વાસ ઉઠી ગ્યો હતો. કાઈમ બ્રાન્ચે દાહોદની મોહનીયા ગેંગના મુકેશ ઉર્ફે કાળુ, રામસિંહ ઉર્ફે બાબુ અને કલસિંગ ડામોરને ઝડપી પાડ્યા છે. આરોપીઓની પૂછપરછમાં કાળુ અમદાવાદ અને ગ્રામ્ય જીલ્લાના અનેક ચોરીના ગુનામાં ઝડપાઈ ગ્યો હતો અને જેલ પણ જઈ આવ્યો છે. જામીન પર છૂટી ફરી ભાઈઓ અને સાગરીતો સાથે મળીને ચોરી લૂંટને અંજામ આપ્યા છે. આરોપી કાળુ મોહનીયા ઝડપાતા અમદાવાદ જિલ્લાના બોપલ, શહેરના ઘાટલોડિયા સહિત ૧૬ જગ્યાના ચોરીમાં વોન્ટેડ હોવાનું બહાર આવ્યું છે.

ગેંગે છેલ્લા એક માસમાં ક્યાં ક્યાં ચોરી કરી

» વિરમગામ રોડ પર ગોરજ ગામ પાસે ખેતરોમાં થઇ આવેલા ત્રણ બંગલામાં ઘૂસી અને ચોરી કરવા ગયા હતા. પરંતુ બંગલામાં કંઈ મળ્યું નહોતું.

» ઇસ્કોન ગ્રીન ખાતે લૂંટ કરવા માટે લૂંટારૂ ટોળકીએ ઓઢવથી રિક્ષામાં બોપલમાં રેકી કરી હતી. બાદમાં રિંગ રોડ પર આરોપીઓ ચાલતા સાણંદ ચોકડી થઇને ખેતરોમાં ઘૂસી ઇસ્કોન ગ્રીનમાં પ્રવેશીને ચપ્પુ ગળા પર મૂકીને લૂંટ કરી હતી.

» રિંગ રોડ પર આવેલા ઓગણજ પાસે સોસાયટીમાં ચોરી કરવા ગયા. પરંતુ ત્યાં કંઈ ન મળતા સફલ વિહાન બંગલોઝમાં ફ્રેન્ચિંગ કાપી અને બંગલામાંથી બે લોકરોની ચોરી કરી હતી.

સાબરમતી જેલના કેદીઓ માટે HCની ઈ-સેવા : દેશમાં પહેલી કોર્ટ

। અમદાવાદ ।

સમગ્ર દેશમાં સૌ પ્રથમ વાર ગુજરાત રાજ્યની જેલોના કેદીઓ માટે નવી ઈ-સેવાનો પ્રારંભ ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા સાબરમતી સેન્ટ્રલમાં ઈ-ફાઈલિંગ સેન્ટરનુ પંદર ઓગષ્ટે ઉદ્ઘાટન કર્યુ છે. આ સુવિધા થકી, હવે કેદીઓ સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી જામીન, પેરોલ અને ફર્લો માટેની અરજીઓનુ ઈ-ફાઈલિંગ કરી શકશે. આ કામ માટે જેલ ખાતેના કાનુની સહાયતા કેન્દ્રની વિશેષ મદદ લેવામાં આવશે. આ ઉપરાંત, કેદીઓને ઈ-મેઈલ માય કેસ સ્ટેટસ સેવાનો લાભ આપવામાં આવશે. જેમાં, કેદીઓના પરિવારના નંબર અને ઈ-મેઈલ એડ્રેસ મેળવીને તેમને જ્યાં સુધી કેસ પૂર્ણ થાય નહીં ત્યાં સુધી તેની માહિતી મોકલવામાં આવશે. જેના લીધે, કેદીઓને ન્યાય મેળવવાના હકની સાથે સાથે ન્યાયની માહિતી પણ સરળતાથી મળશે.

JOB JOB
નોકરી
APPOINTMENT
advantage
દર મંગળવાર, ગુરૂવાર અને શનિવાર

ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશન
આનંદ શાંતિસદન એસ્ટેટ, દિનબાઈ ટાવર સામે, અમદાવાદ-૩૮૦૦૦૧
સરકારશ્રીના વિવિધ ખાતાઓમાંથી છેલ્લા ત્રણ વર્ષમાં નિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારીએ તેમના બાયોડેટા સાથે ફોટો/નિવૃત્તિ/પેન્શન હુકમ/LPC, મો. નં. સહિતની અરજી મોકલી આપવાની રહેશે.
મેનેજર (મહેકમ)
ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશન
આનંદ શાંતિસદન એસ્ટેટ, અમદાવાદ-૧

ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશન (સરકારનું સાહસ)
નિગમમાં કામ કરવા ઈચ્છુક સિવિલ એન્જિનિયર, સાયન્સ ગ્રેજ્યુએટ, CA/CS ઉમેદવારોએ તેમનો સંપૂર્ણ બાયોડેટા માર્કશીટ, ફોટા સહિતની અરજી નીચેના સરનામે મોકલી આપવાની રહેશે.
મેનેજર (મહેકમ)
ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશન
આનંદ શાંતિસદન એસ્ટેટ, અમદાવાદ-૧

THE BECHARAJI NAGARIK SAHAKARI BANK LTD.
BNSB House, Nr. Umiya Mataji Pathikashram, Becharaji. Ta-Becharaji, Di-Mehsana, Gujarat. E-mail : becharajinagarik@bnsb.org.in
The bank is inviting an application from ideal, resultoriented, experienced, and knowledgeable candidate who fulfils following criteria for the post of CEO/MD and Information Technology Officer
Chief Executive Officer(M.D.)
Age Limit : In between 35 years to 70 yearsas on 01/08/2021
Education Qualification : The person shall be Graduate or with CAIIB/DBF/Diploma in Cooperative Business Management or equivalent qualification or MBA or Post graduation
Experience : Atleast 8 years of work experience at the middle/senior level in banking sector.
Expectation from Candidate : Having sound knowledge of banking guidelines, Front office, and Risk Management operations, Excellnt English-Gujarati written as well as spoken communication skills.
Information Technology Officer
Age Limit : In between 25 years to 35 years as on 01/08/2021
Education Qualification : MCA/MSCITComplete with Minimum First-Class
Experience : 3 to 5years of experience in Information Technology field
Expectation from Candidate : Managing in formation technology, computer systems and Cyber Security Operations ; Ensure Security of data, network access and backup systems ; Excellent knowledge of computer hardware & software systems.
HOW TO APPLY:
Anapplication of suitable candidate with detailed resume, passport size photograph and latest payslip should reach to us within 10 days to our bank office.
Date:17/08/2021 Place:Becharaji
Apply to The Chairman, The Becharaji Nagarik Sahakari Bank Ltd.

adani Ports and Logistics
અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસઃ અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ - ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત
ફોનઃ ૯૧-૭૯-૨૬૫૬ ૧૧૧૧ | ઈમેઈલઃ investor.apsezl@adani.com | વેબસાઈટઃ adaniports.com | સીઆઈએનઃ L63090GJ1998PLC034182

નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્ચ સમક્ષ
સીએ (સીએએ) / ૫૬ (એએચએમ) ૨૦૨૧
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં
અને
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અન્ય સંબંધિત જોગવાઈઓની બાબતમાં
અને
અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડની બાબતમાં
અને
બ્રાહ્મી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસિઝ પ્રાઈવેટ લિમિટેડ અને અદાણી પોર્ટર્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ અને અદાણી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસિઝ પ્રાઈવેટ લિમિટેડ અને સરગુજા રેઈલ કોરિડોર પ્રાઈવેટ લિમિટેડ તથા તેમના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેની કોમ્પ્રોમાઈઝ સ્કીમ ઓફ અરેન્જમેન્ટની બાબતમાં

અદાણી પોર્ટર્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ, કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલી કંપની અને હવે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ હેઠળ ડીમ્ડ નોંધણી ધરાવતી કંપની, જેની રજીસ્ટર્ડ ઓફિસ અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત ખાતે આવેલી છે.

... અરજદાર કંપની

ઈક્વિટી શેરહોલ્ડર્સ (જેમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની મીટિંગ્સની નોટીસ તથા નોટીસની જાહેરખબર

આથી નોટીસ આપવામાં આવે છે કે, તારીખ ૯ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલની અમદાવાદ બેન્ચે (**"એનસીએલટી"**) એવો આદેશ આપ્યો છે કે, અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ (જેમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની અલગ અલગ મીટિંગ્સ બોલાવવામાં આવે. એ બેઠકોનો હેતુ બ્રાહ્મી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસિઝ પ્રાઈવેટ લિમિટેડ અને અદાણી પોર્ટર્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ અને અદાણી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસિઝ પ્રાઈવેટ લિમિટેડ અને સરગુજા રેઈલ કોરિડોર પ્રાઈવેટ લિમિટેડ અને તેમના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેની કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૨૩૦ -૨૩૨ અન્વયેની (જેનો ઉલ્લેખ હવે પછી અહીં **"એક્ટ"** તરીકે કરાયો છે) કોમ્પ્રોમાઈઝ સ્કીમ ઓફ અરેન્જમેન્ટમાં (**"સ્કીમ"**) સમાવિષ્ટ વ્યવસ્થા વિષે વિચારણા કરવાનો, અને યોગ્ય લાગે તો, તેમાં સુધારા વધારા સાથે અથવા તે વિના તેને મંજૂરી આપવાનો છે.

આ આદેશ અન્વયે તેમજ તેમાં કરાયેલા નિર્દેશોને ભારત સરકારના કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્રો નં. ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦; નં. ૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રીલ ૨૦૨૦; નં. ૨૦/૨૦૨૦ તારીખ ૮ મે ૨૦૨૦; નં. ૨૨/૨૦૨૦ તારીખ ૧૫ જુન ૨૦૨૦; નં. ૩૩/૨૦૨૦ તારીખ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ અને નં. ૧૦/૨૦૨૧ તારીખ ૨૩ જુન, ૨૦૨૧ (તે બધાનો સંયુક્ત રીતે ઉલ્લેખ **"એમસીએના પરિપત્રો"** તરીકે કરાયો છે અને પરિપત્રો નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨ મે, ૨૦૨૦ તથા નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ (તે બધાનો સંયુક્ત રીતે ઉલ્લેખ **"સેબી દ્વારા જારી કરાયેલા પરિપત્રો"** તરીકે કરાયો છે) અનુસાર વધુમાં એવી નોટીસ પણ આપવામાં આવે છે કે, અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ (જેમા પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો પણ સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની અલગ અલગ મીટિંગ્સ નીચે દર્શાવ્યા મુજબની વિગતો અનુસાર વિડિયો કોન્ફરન્સિંગ (**"વીસી"**) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (**"ઓએવીએમ"**) થકી, એક જ સ્થળે તેમની રૂબરૂ ઉપસ્થિતિ વિના જ યોજાશે.

ક્ર. નં.	મીટિંગ્સ	મીટિંગની તારીખ	સમય	મીટિંગનું સ્થળ
૧.	ઈક્વિટી શેરહોલ્ડર્સ (એમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે)	સોમવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૧	સવારે ૧૧.૦૦	વીસી / ઓએવીએમના માધ્યમથી
૨.	સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત)		બપોરે ૧૨.૦૦	
૩.	અનસીક્યોર્ડ લેણદારો		બપોરે ૧.૦૦	

તારીખ ૧૧ ઓગસ્ટ ૨૦૨૧ની આ નોટીસની નકલો, સ્કીમ તેમજ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦(૩), ૨૩૨(૧) અને (૨) તથા ૧૦૨ને કંપનીઝ (કોમ્પોમાઈઝીસ, એરેન્જમેન્ટ્સ એન્ડ એમાલ્ગેમેશન્સ) રૂલ્સ, ૨૦૧૬ના નિયમ ૬ સાથે વંચાણે લીધા અન્વયેની સ્કીમ તેમજ ઉપરોક્ત વિવરણાત્મક નિવેદનના બિડાણોની નકલો (તેનો હવે પછી અહીં સંયુક્ત રીતે "વિગતો" તરીકે ઉલ્લેખ કરાયો છે) આ રીતે મોકલી આપવામાં આવ્યા છે (૧) જે ઈક્વિટી શેરહોલ્ડર્સના ઈ-મેઈલ આઈડીઝ લિંક ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. ("લિંક ઈન્ટાઈમ") / ડીપોઝીટરીઝ / અરજદાર કંપની સમક્ષ નોંધાયેલા હોય તેમને ઈલેક્ટ્રોનિક મોડથી અને (૨) જે ઈક્વિટી શેરહોલ્ડર્સના ઈ-મેઈલ આઈડીઝ લિંક ઈન્ટાઈમ / ડીપોઝીટરીઝ / અરજદાર કંપની સમક્ષ નોંધાયેલા નથી તેમને ફિઝિકલી રજીસ્ટર્ડ પોસ્ટ અથવા તો કુરિયર દ્વારા મોકલી આપવામાં આવ્યા છે.

ઉપરોક્ત વિગતો પણ આ રીતે મોકલી આપવામાં આવી છે (૧) જે સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) અને અનસીક્યોર્ડ લેણદારોના ઈ-મેઈલ આઈડીઝ અરજદાર કંપની સમક્ષ નોંધાયેલા હોય તેમને ઈલેક્ટ્રોનિક મોડથી અને (૨) જે સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) અને અનસીક્યોર્ડ લેણદારોના ઈ-મેઈલ આઈડીઝ અરજદાર કંપની સમક્ષ નોંધાયેલા નથી તેમને ફિઝિકલી રજીસ્ટર્ડ પોસ્ટ અથવા તો કુરિયર દ્વારા મોકલી આપવામાં આવ્યા છે.

અરજદાર કંપનીએ ઈક્વિટી શેરહોલ્ડર્સ (એમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોને ઉપરોક્ત વિગતોની રવાનગીનું કામ તારીખ ૧૬ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ પૂર્ણ કર્યું છે.

ઉપરોક્ત વિગતો, જે અરજદાર કંપનીએ તેના ઈક્વિટી શેરહોલ્ડર્સ (એમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોને મોકલી આપી છે, તે અરજદાર કંપનીની વેબસાઈટ www.adaniports.com, શેરબજારોની અર્થાત બીએસઈ લિમિટેડ અને ધી નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ્સ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com તથા સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ (**"સીડીએસએલ"**) ની વેબસાઈટ www.evotingindia.com ઉપર પણ પ્રાપ્ય રહેશે.

ઉપરોક્ત વિગતોની નકલો વિના મૂલ્યે અરજદાર કંપનીની રજીસ્ટર્ડ ઓફિસેથી અથવા તો તેના એડવોકેટ્સ, મે. સિંઘી એન્ડ કું ની ઓફિસ, સિંઘી હાઉસ, ૧, મેગ્નેટ કોર્પોરેટ પાર્ક, સોલા બ્રિજ પાસે, એસ. જી. હાઈવે, અમદાવાદ - ૩૮૦ ૦૫૯, ગુજરાત, ભારત ખાતેથી કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચરધારકો સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોને તે માટેની રીક્વિઝિશન કામકાજના તમામ દિવસોએ સવારે ૧૦.૩૦ દરમિયાન રજૂ કર્યા પછીના કામકાજના (૧) દિવસમાં પુરી પાડવામાં આવશે.

આ મીટિંગ્સ એનસીએલટી દ્વારા કરાયેલા આદેશ અન્વયે, એમસીએના પરિપત્રો તથા સેબી દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્રો મુજબ વીસી ઓએવીએના માધ્યમથી યોજવામાં આવી રહી હોવાથી ઈક્વિટી શેરહોલ્ડર્સ (એમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની રૂબરૂમાં હાજરીની જરૂરત રહેતી નથી. તદનુસાર, આ મીટિંગ્સ માટે ઈક્વિટી શેરહોલ્ડર્સ (એમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોને પ્રોક્સીની નિમણુંકની સુવિધા રહેશે નહીં.

એનસીએલટીએ અરજદાર કંપનીના ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર મો. ગઝેસન રસુલામની અને તેમની ગેરહાજરીમાં અરજદાર કંપનીના ડાયરેક્ટર ડો. મલય મહાદેવીઆની તથા તેમની ગેરહાજરીમાં અરજદાર કંપનીના સીઈઓ તથા પૂર્ણ સમયના ડાયરેક્ટર શ્રી કરણ અદાણીની ઈક્વિટી શેરહોલ્ડર્સ (એમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે) ની મીટિંગ માટે ચેરમેન તરીકે નિમણુંક કરી છે.

વધુમાં એનસીએલટીએ આદરણીય જસ્ટીસ કે. એ. પુજ (ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ) ની અને તેમની ગેરહાજરીમાં આદરણીય જસ્ટીસ જે. સી. ઉપાધ્યાય (ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ) ની નિમણુંક સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર ધારકો સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની ઉપરોક્ત મીટિંગ્સ માટેના ચેરમેન નિમણુંક કરી છે.

સ્કીમને ઉપર દર્શાવ્યા મુજબની મીટિંગ્સમાં મંજૂરી મળશે તો, તે એનસીએલટીની તત્પરછીની મંજૂરીને આધિન રહેશે.

આથી વધુમાં નોટીસ આપવામાં આવે છે કે:

૧. અરજદાર કંપનીએ ઈક્વિટી શેરહોલ્ડર્સ (એમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારો સ્કીમ વિષે વિચારણા કરી શકે તેમજ તેને બહાલી આપી શકે તે માટે રીમોટ ઈ-વોટિંગ તથા સંબંધિત મીટિંગ્સ દરમિયાન ઈ-વોટિંગની સુવિધા આપી છે. અરજદાર કંપનીએ રીમોટ ઈ-વોટીંગ તથા ઈ-વોટિંગની સુવિધા માટે સંબંધિત મીટિંગ્સ દરમિયાન સીડીએસએલની સેવાઓ લીધી છે.

૨. એક્ટની કલમો ૨૩૦-૨૩૨ની જોગવાઈઓ અન્વયે ઈક્વિટી શેરહોલ્ડર્સ (એમાં પ્રિફરન્સ શેરહોલ્ડર્સનો સમાવેશ થાય છે), સીક્યોર્ડ લેણદારો (સીક્યોર્ડ ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોમાંથી ત્રણ ચતુર્થાંશ મૂલ્યનું પ્રતિનિધિત્વ કરતા બહુમતી લોકો રીમોટ ઈ-વોટિંગ દ્વારા તેમજ સંબંધિત મીટિંગ્સમાં ઈ-વોટિંગથી આ સ્કીમ માટે સંમત થશે તો જ સ્કીમનો અમલ કરાશે.

૩. વધુમાં, સીક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા જાર